RNI REG. NO. GUJGUJ/2008/24444

# અનાવિલ જ્યોત

શ્રી અનાવિલ પ્રગતિ મંડળ, વડોદરાનું મુખપત્ર

APRIL ❊ MAY ❊ JUNE - 2026 Year : 18 Vol. : 2


















The Real Royal Taste....

# DeSai Caterers

# Shiv Sai Mandap Service

## WE ARE SPECIALIZED IN



Corporate Events



Marriages & Reception



Birthday Parties



Seminars

## Our Party Plots:

1. **Vraj Party Plot – Anand**
   Nr. Hyundai Showroom,
   Chikodara Chokdi, Anand
2. **Velchand banker**
   Opp Lohana seva mandal,
   Arya kanya road, Karelibaug
3. **Vasvik Auditorium**
   Nr. Trident Complex,
   Alkapuri, Vadodara

Contacts:
Mr. Upendra Desai - 98240 13293 | Mr. Mitul Desai - 99789 13286
Mr. Kirit Desai - 98240 46469 | Mr. Ronak Desai - 98250 46469

www.desaicaterers.com
info@desaicaterers.com

B-15, Shreeji Market Nr. Nageshwar Mahadev Temple, Harni Road, Vadodara - 22

EVA BANQUETS
LET'S CELEBRATE....

## Welcome to The Eva Banquets

Desai Caterers New Venture

**CAPACITY OF 750 GUESTS**

DESAICATERERS

9825046469 /Desai caterers & events

**શ્રી અનાવિલ પ્રગતિ મંડળ, વડોદરા દ્વારા પ્રકાશિત**

# અનાવિલ જયોત

**કાર્યાલય**
**શ્રી મહાદેવ દેસાઈ અનાવિલ ભવન**
**આત્મારામ રોડ, કારેલીબાગ,**
**વડોદરા - ૩૯૦૦૧૮.**
**મો. ૯૪૦૮૩૫૫૯૪૫**
**મો. ૬૩૫૧૫૬૩૧૩૯**
**ફોન :૦૨૬૫ ૨૪૬૫૪૯૯**

**પ્રમુખશ્રી**

**શ્રી દિપકભાઈ એમ. દેસાઈ**
**૪૦૧, ઓપલેન્સ ગ્રીન,**
**અક્ષર પેવેલીયન,**
**ભાયલી , વડોદરા.**
**મો. ૯૩૭૬૨૧૨૨૭૫**

**મંત્રીશ્રી**

**શ્રી ગિરિશ એમ. દેસાઈ**
**સી-૨ , તિલક પાર્ક સોસાયટી,**
**હરણી રોડ, વડોદરા-૩૯૦૦૨૩.**
**મો. ૯૯૭૮૯૧૦૮૪૨**

**સંપાદકશ્રી**

**શ્રી દિપક જી. દેસાઈ (ONGC)**
**મો. ૯૪૨૮૫૧૯૦૬૬**

**સહ સંપાદકશ્રી**

**શ્રીમતિ સીમા પી. દેસાઈ**
**મો. ૯૯૨૫૦૩૯૯૭૪**
**શ્રીમતિ ગીરાબેન એસ. દેસાઈ**
**૭૯૯૦૧૯૨૩૧૨**

Website : www.apmvadodara.org

Email : anavilpragatimandal@yahoo.com

Facebook :- https://www.facebook.com/share/15CfYikunq/

## આગામી કાર્યક્રમો

(૧) **ગૌરીવ્રત :-** તા.૨૭ જુલાઈ, ૨૦૨૬ સોમવાર સવારે ગૌરીવ્રત પ્રારંભ પૂજા ૮:૩૦ કલાકે અને તા. ૩૧ જુલાઈ, ૨૦૨૬ શુક્રવાર ગૌરીવ્રત સમાપન પૂજા બપોરે ૨:૩૦ કલાકે રાખેલ છે. ગૌરીવ્રતના કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક બાળાઓના નામ ભવન પર ૨૨ જુલાઈ ૨૦૨૬ સુધીમાં નોંધાવવા જેથી આયોજન કરવામાં અનુકૂળતા રહે. અનાવિલ ભવન પર મેનેજરશ્રીને નામ નોંધાવવાના રહેશે. સમયસર હાજર રહેવા વિનંતી છે. **કન્વીનર , મહિલા પાંખ**

(૨) **૧૫ ઓગસ્ટ :-** તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ શનિવારે સાંજે ૫ કલાકે અભ્યાસની આદતોમાં સુધારો અને એકાગ્રતામાં વધારો વિષય પર ચર્ચા , વક્તા શ્રીમતિ કુંજા દેસાઈ (નિવૃત્ત શિક્ષિકા રોઝરી સ્કૂલ) અને ધોરણ ૧ થી ૧૨ અને સ્નાતક , અનુસ્નાતક વિદ્યાર્થીઓની પુસ્તક સહાય ના ચેકનું વિતરણ કરવામાં આવશે.

(૩) **નોળીનેમ :-** તા. ૨૧ ઓગસ્ટ, ૨૦૨૬ શુક્રવાર નોળીનેમ પૂજા સવારે ૯:૦૦ કલાકે રાખેલ છે. રોટલા હરિફાઈમાં ભાગ લેનાર ભાઈઓ-બહેનો એ તા.૧૫-૦૮-૨૦૨૬ સુધીમાં અનાવિલ ભવન પર મેનેજરશ્રી ને નામ નોંધાવવાના રહેશે. ત્યારબાદ તા.૧૬-૦૮-૨૦૨૬ થી કોઈના પણ નામ સ્વીકારવામાં આવશે નહિ જેની સર્વે ખાસ નોંધ લેવી.

(૪) **જનોઈ બદલવાનો કાર્યક્રમ :-** તા. ૨૮ ઓગસ્ટ,૨૦૨૬ શુક્રવાર સવારે ૯:૦૦ કલાકે રાખેલ છે. જે ભાઈઓએ ભાગ લેવો હોય તેમણે તા. ૨૬-૦૮-૨૦૨૬ સુધીમાં અનાવિલ ભવન પર મેનેજરશ્રી ને નામ નોંધાવવાના રહેશે.

(૫) **રમતગમતો :-** આગામી ક્વોર્ટર ત્રણ મહિનામાં કેરમ, ચેસ, અને ટેબલ ટેનીસ રમતો રમાડવામાં આવશે. જેની તારીખ અને વિગત વોટ્સએપ આજીવન સભ્ય ગ્રુપમાં આપવામાં આવશે.

**પુસ્તક સહાય માટે લાયબ્રેરી કમિટિ દ્વારા આ વર્ષ ૨૦૨૬-૨૭ થી ધોરણ ૧ થી ૧૨ અને ડિપ્લોમા / કોલેજ ના વિદ્યાર્થી માટે પુસ્તક સહાય આપવામાં આવશે. ફોર્મ જમા કરવાની છેલ્લી તારીખ ૦૭-૦૮-૨૦૨૬. જેની વિગત અંદરના પાના પર વિદ્યાર્થી ડેટા ફોર્મમાં (પુસ્તક સહાય માટે) આપેલ છે. ફૂલ સ્કેપ બુકનું વિતરણ ચાલુ છે. કિંમત રૂ.૧૦ / - (પ્રતિ બુક) રાખવામાં આવેલ છે.**

**લાયબ્રેરી કમિટિ**

## શુભ સમાચાર

માનનીય સભાસદો,

આપ સૌને જણાવતા આનંદ થાય છે કે આપણા સમાજનો વર્ષો જૂનો ચેરીટી કમીશનર ની ઓફીસમાં PTRમાં ટ્રસ્ટીઓના નામ નોંધાવી પ્રશ્નનો કાયમી ઉકેલ આવી ગયેલ છે હાલના તમામ ટ્રસ્ટીઓના નામ PTRમાં દાખલ કરવા અંગેનો હુકમ સંયુક્ત ચેરીટી કમિશનર, વડોદરા દ્વારા તા. ૦૫-૦૫-૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે.

આ કાર્યવાહીમાં તમામ સભાસદોનો સાથ અને સહકાર બદલ તમામ ટ્રસ્ટીઓ આભારી છે.

**દિપકભાઈ એમ. દેસાઈ (પ્રમુખશ્રી)**
**ગિરિશભાઈ એમ. દેસાઈ (સેક્રેટરીશ્રી)**
**શ્રી અનાવિલ પ્રગતિ મંડળ**

**સંદેશ :-** જે તે સમાજ ના સભાસદ ભાઈ-બહેનોએ પોતાની સ્વરચિત રચના , કાવ્ય , લેખ અનાવિલ જ્યોતમાં આપવું હોય તો જે તે સભાસદે અનાવિલ જ્યોત ત્રિમાસિકના આગલા મહિને અનાવિલ ભવન પર આપવાનું રહેશે.

**સંપાદક/સહ સંપાદક**
**અનાવિલ જ્યોત કમિટિ**

**ક્ષમાયાચના :-** ગત અનાવિલ જયોત અંક જાન્યુઆરી - માર્ચ ૨૦૨૬ પાનાં નંબર ૧૯ ઉપર **" મારા નાનપણના સ્મરણો "**નો લેખ શ્રી નવિનભાઈ છોટુભાઈ દેસાઈ દ્વારા આપેલ હતો. જે ભૂલમાં દિપકભાઈ એમ. દેસાઈ છપાયેલ છે. તો આ ક્ષતિ (ભૂલ) માટે ક્ષમાયાચના.

# પ્રમુખશ્રીનું નિવેદન

**પ્રમુખશ્રી નો સંદેશ ........**

પ્રિય જ્ઞાતિજનો,

નવા વર્ષના ત્રણ માસ પૂરા થયા છે અને તે દરમ્યાન સમાજમાં ધાર્મિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો આપ સૌના સહકારથી સફળતાપૂર્વક પાર પાડી શક્યા છીએ. આવી જ રીતે આપ સૌનો સાથ સહકાર નિયમિત રીતે મળતો રહેશે એવી અપેક્ષા રાખું છું.

આવનારા સમયમાં સમાજની પ્રવૃત્તિઓ માત્ર વર્ષમાં એક જ વખત યોજાતા સ્નેહસંમેલન પૂરતી મર્યાદિત ન રહે અને વધારે ને વધારે આપણે સૌ એકબીજાને મળતા રહીઓ, સભ્યોને વારંવાર એકબીજાને મળવાની તક મળે અને નવા નવા કાર્યક્રમો યોજાય , એ દિશામાં અમે પ્રયત્નશીલ છીએ. સમાજની પ્રગતિ માત્ર ટ્રસ્ટીઓ કે કમિટિની મિટીંગોથી જ શક્ય બને, એવું નથી, એને માટે દરેક સભ્યોનાં સૂચનો , વિચારોની આપ-લે તથા સભ્યોની હાજરી અત્યંત આવશ્યક છે. આયોજિત કાર્યક્રમોમાં વધુ ને વધુ જ્ઞાતિજનોની હાજરીથી જ આયોજકોનો પ્રોત્સાહન મળતું રહે છે.

આપણા " અનાવિલ જ્યોત " માં પણ બાળકોથી લઈને યુવાનો અને પ્રૌઢ વ્યકિતઓ સહિત સૌ કોઈ પોતાના લેખો મોકલશે તો બીજાને માટે પણ એ પ્રેરણારૂપ બનશે. તથા વિચાર શક્તિ અને લેખનકળાનો પણ વિકાસ થશે. આવતા ત્રણ મહિના બાદ આપણો નવો અંક બહાર પડશે. તો એ માટે હું ઓછામાં ઓછા દસ લેખો આવશે એવી પ્રમુખ તરીકે આપેક્ષા રાખું છું.

તો ચાલો - ફરીથી એકવાર આપ સર્વના વિશ્વાસ અને સહકાર બદલ આભાર માનું છું આપના સહકારની અપેક્ષા સહ......

**" જય અનાવિલ " " જય શુકલેશ્વર "**
**દિપક એમ. દેસાઈ**
**પ્રમુખ**

## વહાલા સભ્યો

આપણા સમાજની લાયબ્રેરી દ્વારા સમાજના બાળકો અને યુવાનો ને નિ:શુકલ સભ્યપદ આપવામાં આવી રહ્યું છે. આમ તો સમાજ તરફથી બાળકોને પુસ્તક સહાય તથા નોટબુક મળે જ છે. પરંતુ આથી વિષેશ કાર્ય કરવા માટે હાલના ટ્રસ્ટી તથા લાયબ્રેરી કમિટિ વિચારી રહી છે.

આમ આ સભ્યપદથી વિવિધ વયજુથ ના બાળકો અને યુવાનો ની માહિતી ઉપલબ્ધ થશે. તેને આધારે લાયબ્રેરી તેમની જરૂરીયાત અને રસને અનુરૂપ વાંચન, પ્રવૃત્તિઓ, વાર્તા - વાંચન, ક્વિઝ, વ્યક્તિત્વ વિકાસ કારકિર્દી-માર્ગદર્શન, સેમીનાર, વર્કશોપ તથા અન્ય સર્જનાત્મક કાર્યક્રમોનું વધુ અસરકારક આયોજન કરી શકશે.

હું સમાજના પ્રમુખ તરીકે તમામ વાલીઓને વિનંતી કરૂ છું કે તેઓ પોતાના બાળકોનું લાયબ્રેરીમાં સભ્યપદ જરૂર કરાવે . આપનો નાનકડો સહયોગ આપણા સમાજની નવી પેઢીને જ્ઞાન, સંસ્કાર, વિકાસ અને સમાજ તરફ આગળ વધવામાં મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

**" તો ચાલો સૌ સાથે મળીને આપણી લાયબ્રેરીને જ્ઞાનનું જીવંત કેન્દ્ર બનાવીએ "**

**શ્રી દિપકભાઈ એમ. દેસાઈ**
**પ્રમુખશ્રી**

# સમૂહ જનોઈ

તા.૦૩-૦૫-૨૦૨૬ ના રવિવારના રોજ અનાવિલ ભવન , વડોદરા મુકામે સમુહ જનોઈ નું પવિત્ર પ્રસંગની ઉજવણી મહિલા પાંખ અનાવિલ પ્રગતિ મંડળ, વડોદરા દ્વારા ખૂબ સુંદર રીતે ઉજવવામાં આવ્યો.

મહિલા પાંખની બહેનો પોતાના ઘરનો પ્રસંગ હોય એવી રીતે જોડાઈ ગઈ હતી. એમની ઝીણવટ ભરી અથાગ મહેનત જણાતી હતી.

આ વર્ષે ૨ બટુકને જનોઈને આપવામાં આવી હતી.

(૧) જયમીન દુષ્યંતભાઈ દેસાઈ

(૨) ખુશ ભૌમિક દેસાઈ

એમાં એમના પરિવારજનો પણ ઉત્સાહ પૂર્વક જોડાયા હતા. સાથે પ્રમુખશ્રી , ઉપપ્રમુખ , મંત્રીશ્રી તેમજ ટ્રષ્ટી મંડળ ના બધા ટ્રષ્ટીઓ પણ ઉત્સાહ થી જોડાઈને સાથ આપ્યો.

શ્રી કુંતકભાઈ મહારાજ દ્વારા જનોઈની સંપૂર્ણ વિધિ ખૂબ શ્રધ્ધાપૂર્વક અને સારી રીતે કરાવવામાં આવી હતી.

**લતિકા દેસાઈ (કન્વીનર)**
**ભકિતબેન દેસાઈ (સહ કન્વીનર)**
**મહિલા પાંખ**

## સમૂહ જનોઈ નો અભિપ્રાય બટુકના પરિવાર તરફથી

આજ નો સમૂહ જનોઈનું આયોજન ખૂબ જ સરસ હતું આજે અનાવિલ મહિલા શક્તિ તાકાત જોઈ આનંદ થયો કે આજ ની મહિલા કોઈ થી પાછળ નથી અને સુંદર અનાવિલ રીતિ રિવાજ થી આયોજન થયું હું અનાવિલ મહિલા આયોજક નો ખૂબ ખૂબ આભાર અને આવા જ આયોજન તમે કરતા રહો અને સમાજને મદદરૂપ થાઓ.

**દુષ્યંતભાઈ દેસાઈ**

## આજીવન સભ્યોની યાદી

| | | |
|---|---|---|
| ૧૮૨૭ | શ્રીમતિ ખુશી બિજલકુમાર દેસાઈ<br>એલ-૩/૩૬, વિજયનગર કોલોની, સંગમ ચાર રસ્તા પાસે,<br>હરણી રોડ, વડોદરા-૩૯૦૦૦૬. | મો. ૭૦૯૬૯૦૮૨૪૧ |
| ૧૮૨૮ | નિરવકુમાર અરવિંદભાઈ નાયક<br>૬૨, મંગલદર્શન સોસાયટી, ચાણક્યપુરી ચાર રસ્તા પાસે,<br>ન્યુ સમા રોડ, વડોદરા. | મો. ૯૪૨૭૬૦૨૦૭૦ |
| ૧૮૨૯ | નિરજ અશોકભાઈ દેસાઈ<br>ડેફોડીલ ૧૦૦૪, પ્રથમ બ્લુટસ ન્યુ અલકાપુરી, વડોદરા-૨૧. | મો. ૯૮૧૯૮૨૭૩૬૫ |
| ૧૮૩૦ | દિપ ધીરેનભાઈ દેસાઈ<br>૫૬, દેસાઈ બિલ્ડીંગ, મામાની પોળ, રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧. | મો. ૯૯૨૪૮૮૨૭૭૩ |
| ૧૮૩૧ | પ્રાચી ધવલભાઈ દેસાઈ<br>સી/૫૪, કૈલાશપાર્ક સોસાયટી, અમૃતનગરની પાછળ, સમતા,<br>લક્ષ્મીપુરા, વડોદરા-૨૩. | મો. ૯૧૭૩૯૩૩૬૧૨ |
| ૧૮૩૨ | પ્રણવ ભરતભાઈ દેસાઈ<br>૪/૨, સાધના નગર સોસાયટી, ચેપી રોગ દવાખાના સામે,<br>કારેલીબાગ, વડોદરા. | મો. ૭૦૯૬૦૫૫૦૨૯ |
| ૧૮૩૩ | નિરજ કિશોરભાઈ દેસાઈ<br>સી/૨૧, ડોડસાલ કોલોની પ્રોડકટીવીટી રોડ, અકોટા વડોદરા-૩૯૦૦૨૦. | મો. ૯૮૨૫૬૫૭૪૩૬ |

## સમર વિક-એન્ડ કેમ્પ-૨૩/૦૫/૨૬ & ૨૪/૦૫/૨૬

સમર વેકેશનમાં અનાવલિ સમાજ, વડોદરાના છોકરાઓ જેમની ઉંમર ૪ થી ૧૪ વર્ષ હોય એમના માટે અનાવિલ ભવન, વડોદરા દ્વારા સમર વિક-એન્ડ કેમ્પનું આયોજન અનાવિલ ભવન ખાતે તા. ૨૩/૦૫/૨૬ અને તા. ૨૪/૦૫/૨૬ના રોજ કોઈપણ ફીસ લીધા વિના રાખવામાં આવ્યુ હતુ. આ કેમ્પમાં વધુમાં વધુ આપણા વડોદરાના અનાવિલ સમાજના છોકરાઓ ભાગ લે માટેના પ્રમુખશ્રી, મંત્રીશ્રી, ટ્રસ્ટીશ્રીઓ, મહિલા પાંખ, યુવા મિત્રો તરફથી પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

અમને જણાવતા આનંદ થાય છે કે કેમ્પ માટે ૧૮ છોકરાઓના નામ નોંધવામાં આવ્યા હતા.

કેમ્પના બન્ને દિવસ સવારે ૮ થી ૯ કલાકમાં શ્રી શૈલેષભાઈ દ્વારા યોગા, મેડિટેશન સાથે ફિટનેસ અંગે વિવિધ યોગ આસનો અને સારી હેલ્થ માટે સૂચનો આપવામાં આવ્યા હતાં. આ સેશનમાં છોકરાઓ સાથે વાલીઓ, ટ્રસ્ટીશ્રીઓ અને મહિલા પાંખની બહેનો દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો. શ્રી શૈલેષભાઈ દ્વારા આપવામાં આવેલ યોગા અને ફિટનેસ અંગેની માહિતી અને પ્રયત્નો માટે એમનો આભાર. શ્રી શૈલેષભાઈ દ્વારા કેમ્પમાં ભાગ લેનાર છોકરાઓને ગિફ્ટ આપવામાં આવી હતી.

બન્ને દિવસ સવારે ૯ થી ૧૦ કલાકમાં યુવા કોરિયોગ્રાફર ધ્વનિ દેસાઈ દ્વારા કેમ્પના છોકરાઓને એક સુંદર ગીત "યે તસવીર હૈ ખ્વાબોકી" પ્રેક્ટિસ કરાવી અને બીજા દિવસે વાલીઓ અને ટ્રસ્ટીશ્રીઓ અને હાજર સભ્યો સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. બે દિવસમાં જે રીતે ધ્વનિબેન દ્વારા છોકરાઓ પાછળ મહેનત, સમર્પણ અને સુંદર કોરિયોગ્રાફી માર્ગદર્શન આપવામાં આવ્યુ એ માટે એમનો આભાર.

બન્ને દિવસ સવારે ૧૦ થી ૧૧ કલાકમાં આર્ટ એન્ડ ક્રાફટ સેશનમાં શ્રીમતિ શીતલબેન રાવળ, શ્રીમતિ પારૂલબેન દેસાઈ, શ્રીમતિ દિપ્તીબેન નાયક, મહિલા પાંખની બહેનો અને કેમ્પના છોકરાઓમાંથી પ્રાન્શી અને રાજવી દ્વારા ખૂબ સરસ રીતે ટેડી બીયર, કમળ, સ્તિક ફ્રેમ, લીપણ આર્ટ, બુકમાર્ક કેમ્પના છોકરાઓને શીખવામાં આવ્યું હતું. શ્રીમતિ દવેબેન, શ્રીમતિ દિપ્તીબેન, મહિલા પાંખ ની બહેનો શ્રીમતિ નિવેદિતાબેન, શ્રીમતિ લતીકાબેન, શ્રીમતિ સીમાબેન, શ્રીમતિ હેતલબેન, શ્રીમતિ મોનિકાબેન સાથે કેમ્પના તમામ છોકરાઓનો આભાર. કેમ્પમાં આર્ટ અને ક્રાફટ માટેની જરૂરી મટીરીયલની વ્યવસ્થા અનાવિલ ભવન દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રમુખશ્રી તરફથી દરેક છોકરાઓ માટે ઈન્સ્પિરેશનલ સ્લોગનોનું લીસ્ટ આપવામાં આવ્યું હતું.

કેમ્પના અંતમાં પ્રમુખશ્રી અને મંત્રીશ્રી દ્વારા આભાર વ્યકત સાથે કેમ્પના છોકરાઓને સુંદર મોમેન્ટો આપવામાં આવ્યા હતા. લાઈબ્રેરી કમિટી દ્વારા ધોરણ ૧ થી ૧૨ , ડિપ્લોમા અને કોલેજના વિદ્યાર્થીઓ માટે પુસ્તક સહાયના ફોર્મ પણ આપવામાં આવ્યા હતા.

સમર કેમ્પમાં છોકરાઓ અને વાલીઓ માટે પેક નાસ્તા સાથે અમૂલ ફલેવર્ડ મિલકની વ્યવસ્થા કરવામાં આવી હતી.

સમર કેમ્પમાં ભાગ લેનાર દરેક છોકરાઓ સાથે વાલીઓનો આભાર અને અનાવિલ ભવન પ્રયત્નશીલ છે આગામી દિવસોમાં આવા કાર્યક્રમ થતા રહે.

**અનાવિલ ભવન કમિટી**

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૬

તા.૨૧-૦૬-૨૦૨૬ રવિવારે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે શ્રી અનાવિલ પ્રગતિ મંડળ દ્વારા યોગનું સવારે ૭ થી ૮ કલાકમાં આયોજન કરવામાં આવ્યુ હતુ. યોગ નિષ્ણાત શ્રી શૈલેષભાઈ તલાટી અને આપણા અનાવિલ શ્રી નિતિનભાઈ દેસાઈ જે ભારતીય યોગ સંસ્થા, દિલ્હી સાથે જોડાયેલા છે અને યોગ ટીચર પણ છે આ કાર્યક્રમમાં જોડાયા હતા.

યોગ દિવસની શરૂઆત પ્રમુખશ્રી દીપકભાઈ (મામા) ના આવકાર પ્રવચન અને શ્રીમતિ સીમાબેન (ટ્રસ્ટી) દ્વારા ગણેશ શ્રુતિ થી કરવામાં આવી હતી.

શ્રી શૈલેષભાઈ અને શ્રી નિતિનભાઈ દ્વારા વિવિધ યોગ, યોગના મહત્ત્વ સાથે મેડિટેશન વિશે જાણકારી આપવામાં આવી હતી.

યોગ દિવસમાં વડોદરા અનાવિલ સમાજના સભ્યો એમન પરિવાર અને મિત્રો સાથે યોગમાં જોડાયા હતા. યોગમાં ભાગ લેનાર સભ્યોને પાર્ટીસીપેશન સર્ટીફીકેટ પ્રમુખશ્રી અને મંત્રીશ્રી ના હસ્તે આપવામાં આવ્યું હતું. યોગ પછી ચા સાથે નાસ્તામાં હેલ્થી ઉપમાની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

**ટ્રસ્ટી ગણ ,**
**શ્રી અનાવિલ પ્રગતિ મંડળ**

# અધિક માસ પુરુષોત્તમ માસ કથા
## તા. ૨૮-૦૫-૨૦૨૬ થી તા. ૦૩-૦૬-૨૦૨૬

**ૐ નમઃ ભગવતે વાસુદેવાય**
**કથાકાર - શ્રી તૃષારજી મહારાજ (વલસાડ)**

હિંદુ પંચાગમાં લગભગ દર ૩૨ માસ પછી એક વધારાનો માસ આવે છે. જેને અધિક માસ અથવા " પુરુષોત્તમ માસ " કહે છે. બાર માસનો જુદા જુદા સ્વામી છે. અધિક માસનો કોઈ સ્વામી નથી. એટલે એ માસને મલમાસ કહેવાય છે. એ વાતથી દુ:ખી થઈને મલમાસ વિષ્ણુની પાસે જાય છે. અધિક માસને દેવતાઓ અને મનુષ્ય દ્વારા નકારવામાં આવ્યો. વિષ્ણુ ભગવાન ગૌલોક પાસે લઈ જાય છે. ભગવાન તેના પર કૃપા કરીને " પુરુષોત્તમ " નામ આપે છે. ભગવાન વિષ્ણુ ભક્ત પ્રહલાદની રક્ષા માટે નરસિંહ અવતાર ધારણ કરે છે.

અધિક માસમાં ધાર્મિક કાર્યક્રમો થાય છે. શ્રી તૃષારજી મહારાજની મધુર વાણીમાં પુરુષોત્તમ માસની કથા સાંભળવાનું લખ્યું હશે. એટલે બધાના સાથ સહકારથી અનાવિલ ભવન ૭ દિવસ માટે ભાડે રાખી ને આયોજન કરવામાં આવ્યું. તા. ૨૮મી એ અનાવિલ ભવનમાં A.C. હોલમાં " પુરુષોત્તમ " ભગવાન પધાર્યા. આખો માસ ધર્મ કરવા માટે જ છે. જેમનું જીવન દાન પર ચાલે છે. તે બ્રાહ્મણ છે. અધિક માસમાં જે ધર્મનું કાર્ય કરે છે તે ગૌલોકમાં જાય છે. મહારાજશ્રીએ દેરાણી-જેઠાણીના દ્દષ્ટાંત દ્વારા શ્રધ્ધા અને પૂજાનું મહત્ત્વ સમજાવ્યું હતું. બ્રહ્મભોજન નું મહત્ત્વ સમજાવ્યું હતું. અમારા સખીવૃંદની બધી બહેનો તરફથી બ્રહ્મભોજન કરાવ્યું હતુ. બ્રહ્મભોજન, આસનદાન, ગાયનું દાન, તલનું દાન, તીર્થસ્નાન, સુવર્ણદાન અધિક માસમાં કરવું જોઈએ.

પતિવ્રતા સ્ત્રીનું મહત્ત્વ સમજાવ્યું હતું. ભગવાનની સેવા ત્રણ રીતે થાય છે. તન, મન અને ધનથી સેવા કરો. જે આયોજન કરે છે તેને તો પુણ્ય મળે જ છે. શ્રોતાજનોને પણ એટલું જ પુણ્ય મળે છે. અધિક માસની કથામાં જેમણે જરાસરખો પણ સહકાર આપ્યો છે તે સર્વને પુણ્ય મળે છે. સહકારમાં કેટલી તાકાત હોય છે. ઉપવાસ અને મૌનવ્રત વિષે કહ્યું હતું. અધિક માસમાં મૌન ૧ કલાક, ૧ દિવસ, ૭ દિવસ ગમે તે રીતે મૌન રાખવું જોઈએ.

ભગવાનના જપ જયારે પણ ટાઇમ મળે ત્યારે કરવા જોઈએ. પરશ્રિમના પૈસાની કથા, તીર્થસ્નાન, અને ત્રિપુંડ વિશે કહ્યું હતું. શ્રાવણ માસમાં દરેક પુરુષે ત્રિપુંડ કરવું જોઈએ . ત્રિપુંડમાં મહાદેવ હોય છે. ઉભા તિલકમાં વિષ્ણુ વસે છે.

વ્યતિયાત, તુલસી અને દીપદાનનું મહત્ત્વ સમજાવ્યું હતું. અધિક માસમાં તુલસી ચડાવવાથી બહુ જ પુણ્ય મળે છે. સૂર્ય અને ચંદ્રની ગતિ એક સાથે પડતી હોય ત્યારે વ્યતિપાત થાય છે. કથામાંથી ઉઠયા પછી કપડા ખંખેરવા નહી. તીર્થમાં સ્નાન કર્યા પછી તરત કપડા બદલવા નહી.

ચોરી વિશે વાત કરી હતી. ફળની ચોરી કરે તે વાનરયોનિમાં જાય છે. જુઠ્ઠું બોલવાવાળો બોબળો બને છે. પોતાના પતિના વખાણ છોડી બીજાના પતિના વખાણ કરે તો ગરોડી યોનિમાં જાય છે. જે પત્નીને નમીને ન ચાલે. તેનો નરકવાસ થાય છે. એકાદશીનું મહત્ત્વ સમજાવ્યું હતું. એકાદશીએ ચોખા ન ખાવા, ફળાહાર જ કરવું જોઈએ. સમૂહપૂજા કરવી જોઈએ . કથાનો સાતમો દિવસ સાતદિવસનું પૂણ્ય આપે છે.

ભકિત કરેલી આ જન્મમાં કામ આવશે. સેવા કરેલી આવતા જન્મમાં કામ આવશે. અધિક માસની કથાનું આયોજનથી જપ, તપ, દાનથી, અને સાંભળવાથી પણ અધિક પુણ્ય મળે છે. આ કથા ત્રણ પેઢીને તારે છે. મહારાજશ્રીએ સારી રીતે બધાનો આભાર માની કથાનું વિરામ આપ્યો હતો.

અમારી સખીવૃંદની અધિકમાસની કથામાં જે પણ ભાઈ કે બહેનોએ અમને પ્રેમથી સહકાર આપ્યો અને આપણી કથાને દીપાવી દીધીએ સર્વનો દિલથી આભાર માનું છું.

આપણાં અનાવિલ ભવનના હોલમાં સુંદર પવિત્ર કાર્ય થયું તેનો અમને ખૂબ જ આનંદ થયો છે.

**સીમાબેન આર. દેસાઈ**
**સખીવૃંદ**

## દાતાઓની યાદી

| અનુક્રમ | નામ તથા સરનામા | રકમ રૂા. | દાનની વિગત |
|---|---|---|---|
| ૧. | શ્રી રાજેશભાઈ છોટુભાઈ દેસાઈ<br>C/o, સુધાબેન પંડ્યા<br>સ્વ. નટવરલાલ તથા સ્વ. પદમાબેન દેસાઈ તથા<br>સ્વ. કૃષ્ણકાંત પંડ્યાના સ્મરણાર્થે | ૫૦,૦૦૦ | શૈક્ષણિક સહાય |
| ૨. | સ્વ. શ્રી કિશોરભાઈ ખંડુભાઈ દેસાઈ ના પરિવારજનો<br>તરફથી સ્વ. કિશોરભાઈ ના સ્મરણાર્થે | ૧૧,૦૦૦<br>૧૧,૦૦૦ | શૈક્ષણિક સહાય<br>વિધવા સહાય |
| ૩. | ગં. સ્વ. શ્રીમતિ મિનાક્ષીબેન આર. દેસાઈ અને<br>દિપકભાઈ આર. દેસાઈ ના પરિવાર તરફથી<br>સ્વ. રમણલાલ ધીરૂભાઈ દેસાઈના પુણ્યતિથિ નિમિત્તે | ૧૧,૦૦૦ | વૈદકીય સહાય |

## અવસાન નોંધ

**નીચેના જ્ઞાતિજનોના અવસાનની નોંધ લેતાં ખેદ થાય છે.શ્રી શુકલેશ્વરદાદા સર્વેના આત્માને ચીર શાંતિ અર્પે.**

૧. **વેગામ,** હાલ બી/૧૫, મધુબન સોસાયટી, માત્રિ મંદિર સામે, મકરંદ દેસાઈ રોડ, વડોદરાના શ્રીમતિ તોરલબેન બી. દેસાઈના **પતિશ્રી સ્વ. બટુકભાઈ એમ. દેસાઈ (બટુકમામા) નુ ઉં.વ. ૬૮,** તા. ૨૪-૦૫-૨૦૨૬.

૨. **કડોદરા,** હાલ ૨, મ્યુનિસિપાલીટી સ્ટાફ ક્વોર્ટર, બુધ્ધદેવ કોલોની પાસે, કારેલીબાગ, વડોદરાના શ્રીમતિ કોકિલાબેન અજીતભાઈ દેસાઈના **પતિશ્રી અજીતભાઈ ખંડુભાઈ દેસાઈનું ઉં.વ. ૬૫,** તા.૨૪-૦૫-૨૦૨૬.

૩. **વેસ્મા,** હાલ ૪૦૧, શરણમ ક્લાસિક , ૧૨૩ , અજય સોસાયટી, કોન્વેન્ટ સ્કુલની પાછળ, ફતેગંજ, વડોદરાના શ્રીમતિ ફાલ્ગુનીબેન કેદારભાઈ દેસાઈના **પતિશ્રી કેદારભાઈ ભાસ્કરભાઈ દેસાઈનું ઉં.વ.૬૬,** તા.૨૬-૦૫-૨૦૨૬.

૪. **ખરસાડ,** હાલ ૨૯/એ, "પંચવટી" રામબાગ સોસાયટી, મકરપુરા બસ સ્ટેશન પાસે, શ્રી કેયુરભાઈ દિલીપભાઈ ના **મામાશ્રી હર્ષદરાય રમણિકલાલ દેસાઈનું ઉં.વ.૮૦,** તા. ૨૭-૦૫-૨૦૨૬.

## સરનામાં ફેરફારની નોંધ

આ.સ.નં. ૯૧૩/૧૧૭૨/૧૫૨૧. **શ્રીમતિ કિર્તીબેન પ્રવિણચંદ્ર દેસાઈ** મો. ૯૨૨૮૧૪૪૪૪૪

**જૂનુ સરનામું :** બી/એફ/એફ/૬, ચંદ્રવિલા એપાર્ટમેન્ટ, આત્મજ્યોતિ આશ્રમ રોડ, અર્બુદાનગર પાસે, ઈલોરા પાર્ક, વડોદરા-૩૯૦૦૨૩.

**નવું સરનામું :** ૧૦૧, કલશ રેસીડન્સી , મધુકુંજ સોસાયટી પાસે, ખોડિયાર રોડ, વાસણા રોડ , વડોદરા-૩૯૦૦૦૭.

આ.સ.નં. ૩૬૩/૪૯૩ **શ્રી અનિલકુમાર નારણજી દેસાઈ** મો. ૯૬૬૨૦૩૯૪૧૮

**જૂનુ સરનામું :** "ગીરીકુંજ બંગલો", ભોલેનાથ સોસાયટી પાસે, ગોત્રી મેઈન રોડ, ગોત્રી, વડોદરા.

**નવું સરનામું :** ૨૦૨, ઓપ્યુલેન્સ ગ્રીન, અર્બન - ૨ , પાછળ, ભાયલી ટી.પી.-૦૨, ભાયલી , વડોદરા-૩૯૧૪૧૦.

## " હૈયે કંડારેલી પ્રીત "

વરસાદી માહોલ ને,
નિ:શબ્દ નીરવ રાત્રી,
આકાશે ગોરંભાયેલા ઘનઘોર વાદળો,
ઘટા સમા વાદળોની
આડશે, વીજળીના ચમકારામાં
છુપાયેલા ચહેરાની ઝાંખી
અનુભવતી રહી !!
પવનની લહેરખી આવતી રહી,
આથમણી દિશાએથી ને
ધીમે ધીમે ગુંજન કરતી
મેઘદૂતનો સંદેશ !!
વાદળ સાથે મન લાગ્યું વહેવા,
મન છે ઉથલપાથલ ને કાળજે
કંપન!!!
વ્યર્થ પ્રયાસ કરતી રહી
રોકવા મનને,
અષાઢી બીજની એ સ્મૃતિ,
અનરાધાર વરસતો આભ,
પ્રેમની છોળો ભીંજવતી સખીને,
હૃદય કુંજમાં ઉછરેલાં લાગણીના
છોડ તણી સ્મૃતિના અડપલાં,
ભરી દેતાં મનને ગ્લાનિમાં,
દૂર છતાં પાસ ભાળું તને,
હૈયે કંડારેલી પ્રીત, વહેતી રહી
શબ્દો બનીને વરસાદી ડાયરીમાં,
સખીની કલમે!!!

**સ્વાતિબેન દેસાઈ (મૈત્રી)**

## શું કહું તને

તારાં એવાં રિસામણાં
કે તને કેમ મનાવું !!
શું કહું તને આ કાળઝાળ ગરમી
શે સહેવાય !!
શું કહું તને !!
શરીરને શાતા તો વાળુ
કૃત્રિમ ઠંડકથી પણ
તારાં અમી છાંટણા પછી
ઝરમર વરસવું વહાલું લાગે
હીંચકે બેસી પાણીનાં ફોરાથી
પલળવું પણ મને કેટલું ગમે,
ભીની માટી ની સોડમ તો અત્તરથી
પણ અદકેરી!!
તે તો તું જાણે છે પછી
ઓણ સાલ કેમ આમ ?
તારા ધોધમારે તો સર્વત્ર
ઠંડક એવી પ્રસરે કે
વરંડામાં બેસી તને એકધારી
જોયા જ કરું.
સાથે કોઈની મીઠી યાદ પણ
ઝંકૃત કરે હૃદયના તાર
પણ શું કહું તને ?

**સ્વાતિબેન દેસાઈ (મૈત્રી)**

## મારી બા

હૃદય તો મારુ ધબકે છે,
પણ તેનો પાસવર્ડ તારી પાસે છે.
અવાજ તો રણકે છે,
પણ તેના સૂર તારી પાસે છે.
કાન તો સાંભળે છે,
પણ તેનો સ્વર તારી પાસે છે.
આપણો સબંધ તો લોહીનો છે,
પણ તેનું DNA તારી પાસે છે.
દિલની દરેક ધડકન તારી થકી ધડકે છે,
પણ મારી આત્માનો અંશ તારી પાસે છે.
જીવન મારી પાસે છે,
પણ તેનો અર્થ તારી પાસે છે.
માતૃદેવો ભવ:
તને શત શત નમન !

**મનોરમા નાયક દેસાઈ**

# અનાવિલ ગૌરવ



**ઊંટડી :** હાલ જુના પાદરા રોડ , વડોદરાના શ્રીમતિ કેતકીબેન અને બંકિમભાઈ કિરીટભાઈ દેસાઈની સુપુત્રી ચિ. સાક્ષી એ ICMAI દ્વારા ડિસેમ્બર ૨૦૨૫માં લેવાયેલ CMA Certified (Management Accountant)ની પરીક્ષા ઉતીર્ણ કરીને CMA ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. - હાર્દિક અભિનંદન...



**ચણવઈ :** હાલ વડોદરાના શ્રીમતિ સ્વાતિબેન નિખીલભાઈ દેસાઈ (મૈત્રી ) એ " વરસાદ ની ડાયરી " વિષય પર સ્વરચિત રચના ને શબ્દ વાવેતર એક પરિવાર સાહિત્ય ગ્રુપ સંસ્થા "B" ગ્રેડ કૃતિ જાહેર કરી સન્માનપત્ર આપેલ છે .અને " ચાર દિવાલની બહાર " શબ્દ વાવેતર વાર્તા સ્પર્ધા માં ભાગ લેવા બદલ પ્રશસ્તિપત્ર શબ્દ વાવેતર સાહિત્ય પરિવાર તરફથી સન્માનિત કરવામાં આવેલ છે. તા. ૩૦-૦૬-૨૦૨૬. તેમને અગાઉ પણ ઓકટોબર ૨૦૨૩માં " મને યાદ એ નવરાત્રી " વિષય પર સ્વરચિત રચના માં " પ્રથમ " વિજેતા નું સન્માનપત્ર અને " વિજય / અવસર " શબ્દ પરની સ્વરચિત રચનામાં " દ્વિતીય " વિજેતા નું સન્માનપત્ર " શબ્દ વાવેતર એક પરિવાર " સાહિત્ય ગ્રુપ સંસ્થા તરફથી પ્રાપ્ત કરેલ છે. - હાર્દિક અભિનંદન...

# DARSHIT DESAI



**DOB** :- $16^{th}$ July 1998

**Time/ Place** :- 11AM/Navsari

**Horoscope** :- Clear

**Height** :- 5'8"

**Education** :- M.Tech Mechanical (Manufacturing), PDPU, Gandhinagar

B.Tech Mechanical, Parul University, Vadodara

**Native Place**:- Moti Desai Pole, Eru

**Occupation** :- Sr. Engineer ,ISGEC Hitachi Zosen Ltd. , Dahej , Bharuch

**Father Name**:- Kirankumar(Girish) Babubhai Desai

Retired PWD Navsari

Mo- 9979730436

**Mother Name**:- Chhayaben Kirankumar Desai

Housewife

Mo- 9427576136

**Mosal** :- Sarbhon

Late Vinodrai Dayalji Desai (Aja bapa)

Retired Superintendent (Govt. Of Gujarat - Baroda Kothi kacheri)

Late Hemlataben Vinodrai Desai (Aji)

## Contact

Tushar Pratapbhai Desai (Masaji)

Om motor Driving Mo- 9898048408

Jyotindra Dayalji Desai (Aja kaka)

Retired Sr. Production Officer IPCL Baroda Mo- 9879917320

Mukeshbhai Gopalji Desai (Mama)

Retired AGM SBI Mo- 8980047377

# સમૂહ જનોઈ













# સમૂહ જનોઈ









# સમૂહ જનોઈ




























સમૂહ જનોઈ









# સમૂહ જનોઈ





























શ્રી અનાવિલ પ્રગતિ મંડળ, વડોદરા
21મી જૂન
યોગ
દિવસ
સ્થળ : શ્રી મહાદેવ દેસાઈ અનાવિલ ભવન, વડોદરા.
21st JUNE
INTERNATIONAL
YOGA
DAY








શ્રી અનાવિલ પ્રગતિ મંડળ, વડોદરા દ્વારા
બાળકોના લાભાર્થે આયોજિત
સમર વીક - એન્ડ કેમ્પ
ART
CRAFT
DANCE
GAMES
સ્થળ: શ્રી મહાદેવ દેસાઈ અનાવિલ ભવન, વડોદરા.





















## આભાર દર્શન

શ્રી નૈષેધ એમ. દેસાઈ (હાલ અમદાવાદ) તરફથી સ્વ. કિશોરભાઈ ડી. દેસાઈ (KD) અને સ્વ. શ્રીમતિ કોકિલાબેન કે. દેસાઈ (KK) ના સ્મરણાર્થે આપેલ દાન રૂ.૭૫૦૦૦/-નો ઉપયોગ આપણા સમાજના વિદ્યાર્થીઓ માટે પ્રિન્ટેડ રજિસ્ટર માટે કરવામાં આવ્યા છે. રજિસ્ટરનું વેચાણ વિદ્યાર્થીઓ માટે હાલ ભવનમાં ચાલુ છે. શ્રી અનાવિલ પ્રગતિ મંડળના પ્રમુખશ્રી , મંત્રીશ્રી અને તમામ ટ્રસ્ટીશ્રી એમના આપેલ દાન માટે આભાર માને છે.

**શ્રી અનાવિલ પ્રગતિ મંડળ**












*Kiyaan Desai, a 10-year-old boy studying in Nalanda school. In his summer vacations he went to a beach which was dirty. He decided to clean the beach. Will he succeed in the work or the beach will be dirty? Check it out in my book.*

*Kindly purchase it from below link*

*https://www.bribooks.com/bookstore/how-the-beach-got-its-beauty-by-kiyaan-desai/*





## વિદ્યાર્થી ને માર્ગદર્શન



હું કુજાં દેસાઈ ૧૯૯૧ થી રોઝરી સ્કુલ, વડોદરામાં ધોરણ ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓને કોમર્સ ભણાવી હાલ નિવૃત્ત થઈ વિદ્યાર્થીઓના લાભાર્થે સાચુ માર્ગદર્શન પુરુ પાડવા યુ ટયુબ ચેનલના માધ્યમ થકી કાર્યરત છુ. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન સાથે સંકળાયેલ સક્ષમ સંસ્થામાં દિવયાંગ બાળકોને બિહેવિયર થેરપી અને માર્ગદર્શન આપુ છુ. વડોદરા શહેરની સામાજીક સંસ્થાઓ જેવી કે ભગીની સમાજ, અનાવિલ સમાજ, મુકબધિર વિગેરે સાથે પણ જોડાયેલ છુ. આપણા અનાવિલ સમાજના બાળકોમાંથી કોઈને માર્ગદર્શનની જરૂરિયાત હોય આપ મારો સંપર્ક મારા નંબર પર કરી શકો છો.

મોબાઈલ નંબર : ૯૮૨૪૦૫૯૭૯૪, ૯૫૭૪૩૪૯૯૬૨

# અમૃત-જળનું મહત્ત્વ

શું તમે પાણી ની એક્સપાયરી ડેટ જાણો છો ?
કેટલાક લોકો માત્ર એક જ દિવસનું જૂનું પાણી ફેંકી દે છે...
તો વળી કેટલાક લોકો એક અઠવાડિયાથી ભરી રાખેલું પાણી પણ ખુશી-ખુશી પીવે છે...
છતાં પણ, હજારો વર્ષોથી જમીનની અંદર સચવાયેલા પાણીને આપણે સૌથી શુધ્ધ અને સુરક્ષિત માનીએ છીએ !
તો પછી, પાણીની સાચી એક્સપાયરી ડેટ શું છે ?

જો તમે આ પ્રશ્નનો સાચો જવાબ સમજી જશો ને , તો પાણી પ્રત્યેનો તમારો આખો દ્રષ્ટિકોણ બદલાઈ જશે.
ઘણીવાર આપણે આપણી સગવડ અને માનસિકતાના આધારે પાણીની " એક્સપાયરી ડેટ " નક્કી કરી લઈએ છીએ. પરંતુ વાસ્તવમાં, આ ધારણાઓ પાછળ કોઈ વૈજ્ઞાનિક આધાર નથી. જરા આપણી આસપાસની આ રસપ્રદ પરિસ્થિતિઓ જુઓ
શહેરોમાં જયાં રોજ મ્યુનિસિપલ કોર્પોરેશનનું પાણી આવે છે, ત્યાં લોકો ગઈકાલનું પાણી વાસી સમજીને ફેંકી દે છે.

(તેમના મતે પાણીની એક્સપાયરી ડેટ : માત્ર ૧ દિવસ)
જ્યાં અઠવાડિયે એક જ વાર પાણી આવે છે તેવા વિસ્તારોમાં ત્યાં એ જ પાણીને કોઈ પણ જાતના સંકોચ વિના બે થી આઠ દિવસ સુધી સાચવીને પીવામાં આવે છે.

(તેમના મતે પાણીની એક્સપાયરી ડેટ : ૨ થી ૮ દિવસ)
લગ્નપ્રસંગો અને સામાજિક મેળાવડાઓમાં જેવી પાણીની નવી બોટલ ખુલે, કે તરત જ અગાઉ ખોલેલી બોટલની ઉપેક્ષા થાય છે, તેને અધૂરી છોડી દેવાય છે અથવા ફેંકી દેવાય છે.

(તેમના મતે પાણીની એક્સપાયરી ડેટ : માત્ર થોડી મિનિટો કે કલાકો)
પણ સત્ય કંઈક અલગ જ છે....
રણપ્રદેશમાં મુસાફરી દરમિયાન , જ્યાં સુધી પાણીનો બીજો કોઈ સ્ત્રોત ન મળે ત્યાં સુધી પાણીનું એક-એક ટીપું કિંમતી અને " તાજું " જ રહે છે.

(એક્સપાયરી ડેટ : જ્યાં સુધી બીજું પાણી ન મળે ત્યાં સુધી)

કુદરતમાં ડેમ અને જળાશયોમાં સંગ્રહિત પાણી આવતા ચોમાસા સુધી વપરાય છે, અને દુષ્કાળના સમયે તો તે બે-ત્રણ વર્ષ સુધી આખા સમાજની તરસ છિપાવે છે.

(એક્સપાયરી ડેટ : કેટલાક વર્ષો)

બોરવેલ અને ભૂગર્ભ જળમાં આપણે ૫૦ થી ૫૦૦ ફૂટની ઊંડાઈએથી જે પાણી ખેંચીએ છીએ, તે કદાચ સેંકડો કે હજારો વર્ષોથી જમીનની અંદર સંગ્રહાયેલું હોય છે. છતાં આપણે તેને પીવા માટે નું સૌથી સુરક્ષિત અને સ્વાસ્થ્યપ્રદ પાણી માનીએ છીએ.

(એક્સપાયરી ડેટ : સેંકડો કે હજારો વર્ષો - કદાચ કયારેય નહીં !)

એક વિચારવા જેવો વિચાર જ્યારે પાણી પુષ્કળ પ્રમાણમાં હોય છે, ત્યારે આપણે તેને " જૂનું " કે " વાસી " કહીએ છીએ.
પરંતુ જ્યારે અછત સર્જાય છે, ત્યારે એ જ પાણી અમૃત જેવું કિંમતી બની જાય છે.
તેથી, ચાલો પાણીનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરીએ અને તેના દરેક ટીપાની બચત કરીએ. નહિતર, પૃથ્વી પરથી પાણી ખલાસ થાય તે પહેલાં, આપણી બેદરકારી આપણને તરસથી તડપવા માટે મજબૂત કરી દેશે.
એક નમ્ર વિનંતી , આ માત્ર એક સાદો મેસેજ નથી - આ આપણા ભવિષ્યને બચાવવાની હાકલ છે. પાણીના આ મૂલ્ય વિશે જાગૃતિ ફેલાવવા માટે કૃપા કરીને આ સંદેશ તમારા પરિવાર, મિત્રો અને સ્નેહીજનો સાથે જરૂર શેર કરો.
પાણી એ જ જીવન છે.
જો પાણી હશે, તો જ આપણું આવતીકાલ હશે.
સ્વસ્થ રહો. સુરક્ષિત રહો. પાણી બચાવો.

**" જય શુકલેશ્વર "**
**" જય અનાવિલ "**

# નવા યુગની (AI) વિશે ની ચેતવણી

એઆઈ (AI) વિશે ચેતવણી : દસ પ્રકારની માહિતીઓ તમારે કદી ચેટજીપીટી (Chat GPT) અને બીજા માધ્યમોમાં આપવી નહિ.

(ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં આવેલા અંગ્રેજી લેખનો ગુજરાતીમાં સંક્ષિપ્ત ભાવાર્થ)

કૃત્રિમ અક્કલ (AI) ના ચેટ બોટ્સ (chatbots) ફક્ત મનુષ્યના સવાલોના જવાબ આપવા, અંગ્રેજી અથવા બીજી કોઈ ભાષામાં પત્ર, ઈમેલ, ભાષણ વિ. લખી આપવા ઉપરાંત બીજી ઘણી ઉપયોગીતામાં (દા.ત. મિત્રતાનો અહેસાસ , લાગણી સભર આશ્વાસનો વિ.) થવા લાગી છે. એના વપરાશની સરળતા અને દેખીતી લાગણીમય સંવાદ, તેને વિશ્વાસપાત્ર અને પ્રામાણિક હોવાનો વાપરનારને અહેસાસ કરાવે છે. પરંતુ આ માનસિક સગવડ ભ્રામક પૂરવાર થઈ શકે AI ને વધુ પડતી માહિતી આપવી ગંભીર પરિણામો આમંત્રી શકે, કારણ કે AI ને આપેલી માહિતી ગુપ્ત રખાતી નથી ; તમારી વિગતો તે સાચવીને રાખીને એનું પૃથકકરણ કરી બીજા પાસે જઈ શકે છે. માટે નીચે જણાવેલ ૧૦ પ્રકારની વિગતો AI ને કદી જાહેર કરવી નહિ.

૧) વ્યક્તિગત માહિતી જેવી કે પુરું નામ , સરનામું, ફોન નંબર, ઈમેલ વિ. આ માહિતી ભેગી કરી તમારી પૂરી ઓળખનો ઓનલાઈન પીછો કરી શકાય. જેનો ઉપયોગ કરી (Scammer) છેતરપીંડી કરવા કરી શકે છે, કારણ કે કૃત્રિમ બુધ્દિમતા (AI) ની પ્રણાલી (System) ગોપનીયતા જાળવીને બનાવવામાં નથી આવતી.

૨) આર્થિક માહિતી જેવી બેન્ક ખાતા નંબર , ક્રેડીટ કાર્ડની માહિતી, સોશિયલ સીક્યોરીટી નંબર સાયબર છેતરપીંડી કરનારનું મુખ્ય લક્ષ્ય બની રહે છે. આ માહિતી chatbot માં મૂકો તો તેને અટકાવી, સાચવી રાખી દુરઉપયોગ કરી શકાય છે. તેનાથી તમારી ઓળખ કરી તમે છેતરપીંડીના શિકાર બની શકો છો. માટે આવી માહિતી ફક્ત સત્તાવાર , સુરક્ષિત એજન્સીને આપવી હિતાવહ છે.

૩) "પાસવર્ડ" કદી ચેટબોટમાં જાળવવો નહિ. તે ફક્ત સુરક્ષિત પાસવર્ડ મેનેજરને સાચવવા આપવો.

૪) તમારી ખાનગી માહિતી કે તમારી કબુલાત , તમને માનસિક રાહત આપતું લાગે તો પણ AI સાથે સંવાદ કરવો નહિ. તેના કરતા માનસિક રાહત માટે અંગત મિત્ર કે ચિકિત્સક ની સલાહ લેવી હિતાવહ છે. AI આવી ગુપ્તતા જાળવવાની ખાત્રી નથી આપતું . આવી વાતો સહેલાઈથી જયા ન પહોંચવી જોઈએ ત્યાં નેટ દ્વારા પહોંચી જઈ શકે .

૫) સ્વાસ્થ્ય અને દાકતરી માહિતી ચેટબોટને પૂછી એનું નિરાકરણ કે ઈલાજ કરવાનો પ્રયત્ન હાનિકારક થઈ શકે. AI ને તબીબી વિજ્ઞાનના જાણકાર માની ન લેવાય ખોટી માહિતી નુકશાનકારક પૂરવાર થઈ શકે. સ્વાસ્થ્ય , દવાના પ્રિસ્ક્રિપશન, મેડીકલ રીપોર્ટ વિ. ખોટા હાથમાં પહોચી ગંભીર પરિણામ લાવી શકે.પરંતુ, નિષ્ણાંત તબીબ પાસે નિદાન કરાવી દવા લખાવી પછી રોગ અને દવાની અસર - આડઅસર વિ. જાણકારી ચેટબોટ પાસે મેળવાય તે ઉપયોગી નીવડે.

૬) અયોગ્ય અથવા વયસ્કો માટેની સામગ્રી (Explicit or inappropriate content ) AI પ્લેટફાર્મ આપોઆપ રોકી લે છે. પરંતુ , તમે મૂકેલી માહિતી રેકોર્ડ થઈ જાય છે. આવી માહિતી થી ખાતુ આપોઆપ બંધ થઈ શકે તદ્ઉપરાંત અયોગ્ય માહિતી તમારા ખાતામાં પડી રહેવાથી ભવિષ્યમાં મુશ્કેલી લાવી શકે.

૭) કંપનીના વ્યવહારની ગુપ્ત માહિતી ચેટબોટ પર પર નહિ મૂકવાની તેના કર્મચારીઓને કડક સૂચના આપવામાં આવે છે. કારણ આવી માહિતી અકસ્માતે કે જાણી જોઈને અનઅધિકૃત વ્યકિત કે સંસ્થાના હાથમાં પહોંચી શકે.

૮) કાયદાકીય મુદ્દાઓ વિશે ચેટબોટ ને પૂછવાની જીજ્ઞાસા નુકશાનકારક બની શકે ચેટબોટ એક સારા વકીલની ગરજ પૂરી પાડી ન શકે. તમારા કોન્ટ્રાકટ, દાવા અથવા વ્યકિતગત વિવાદ વિશે ચેટબોટ ગેરમાર્ગે અથવા અધૂરી માહિતી આપે એવી પૂરી શકયતા રહે છે. તમારી ગુપ્ત વિગતો ખોટા હાથે જાહેર થઈ જતા તમારા કેસને નુકશાન પણ પહોંચાડી શકે.

૯) તમારા સંવેદનશીલ દસ્તાવેજો , જેવા કે ઓળખપત્ર, પાસપોર્ટ , ડ્રાયવર લાયસન્સ અથવા ખાનગી ફોટા ચેટબોટ માંથી દૂર કર્યા પછી પણ અંશતા રીતે જ તેમાં સચવાઈ રહે છે. આવી માહિતી હેક (Hack) થઈ ગંભીર આર્થિક કે માનસિક નુકશાન પહોંચાડી શકે. આવી માહિતી સલામત (secured) પ્લેટફોર્મ પર સાચવીને રાખી શકાય.

૧૦) જેવી માહિતી જે તમો ઓનલાઈન જાહેર ન કરવા માંગતા હોય તેવી સર્વ માહિતી AI ના પ્લેટફોર્મ પર ન મૂકવી જોઈએ આગળ જણાવ્યા મુજબ ચેટબોટ ખાનગી મનાય પણ ગુપ્તતા માટે ડીઝાઈન કરેલા નથી હોતા . ચેટબોટ પર મૂકેલી વિગત એક દિવસ જાહેર થઈ જશે એમ માનીને ચાલો એટલે મૂકતા પહેલા બે વાર વિચારો અને સાવચેતી જાળવો .તમારી માહિતી ગુપ્ત અને સલામત રાખવાની સંપૂર્ણ જવાબદારી ફકત ને ફકત તમારી જ છે. એટલે AI પ્લેટફોર્મ ની પ્રાઈવસી પોલીસી જાણો. છેલ્લે, AI દિવસે દિવસે વધુ "ચાલાક" થતું જાય છે. ત્યારે તમારું રક્ષણ એનો વિચારશીલ અને સાવચેત ભર્યો ઉપયોગ કરવામાં જ છે.

**ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અનુવાદ**

**શ્રી રોહિતભાઈ એમ. દેસાઈ (પૂર્વ ટ્રસ્ટી)**

# શ્રી અનાવિલ પ્રગતિ મંડળ

(રજી. નં. એ-૨૩૦૭-વડોદરા)
શ્રી મહાદેવ દેસાઈ અનાવિલ ભવન, આત્મારામ રોડ, કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮.
ફોન : ૦૨૬૫ - ૨૪૬૫૪૯૯, મો. ૯૪૦૮૩૫૫૯૪૫

આજીવન સભ્ય નં.

(પિતા/માતા/વિદ્યાર્થી)

તા.

## વિદ્યાર્થી ડેટા ફોર્મ (પુસ્તક સહાય માટે) વર્ષ ૨૦૨૬-૨૭

૧. વિદ્યાર્થીનું નામ :
૧)..........................................................................................
૨)..........................................................................................

૨. પિતા/માતાનું નામ :......................................................................

૩. મોબાઈલ નંબર : પિતા:................................. માતા :......................................

૪. એડ્રેસ :.......................................................................................
..................................................................................................

૫. સ્કૂલ / યુનિવર્સિટીનું નામ :..........................................................

૬. અભ્યાસ : સ્કૂલ : ધોરણ - .......................................વિષય :.................................

કોલેજ : વર્ષ /સેમિસ્ટર -...............................વિષય :.................................

**ફોર્મ ભરીને સાથે પુસ્તકનું બિલ ભવનના WhatsApp No. 6351563139 પર મોકલી આપવું.**
**છેલ્લી તા.૦૭-૦૮-૨૦૨૬(સ્કૂલના વિદ્યાર્થી માટે)**
**છેલ્લી તા.૦૭-૦૮-૨૦૨૬ (ડિપ્લોમા/કોલેજના વિદ્યાર્થી માટે)**
વધુ જાણકારી માટે સંપર્ક કરો : ૯૪૦૮૩૫૫૯૪૫
**પુસ્તક સહાયના નિયમ નીચે મુજબ છે :**

૧. આ વર્ષ (૨૦૨૬-૨૭) ધોરણ ૧ થી ૧૨ ડિપ્લોમા / કોલેજના વિદ્યાર્થી માટે પુસ્તક સહાય આપવામાં આવશે. ઉચ્ચ સ્તર અભ્યાસના સ્ટુડેંટસ હાલના નિયમ મુજબ બુક ની ડિટેઈલ આપવાની રહેશે અને એમાં થતી યોગ્ય સહાય નિયમ મુજબ આપવામાં આવશે.
૨. વિદ્યાર્થી ના વાલી (પિતા / માતા) અથવા વિદ્યાર્થી આજીવન સભ્ય હોવા જરૂરી છે. ઘરના વડીલ જો આજીવન મેમ્બર હોય તો ઘરના ભણતા વિદ્યાર્થી ને જાણ કરવી.
૩. પુસ્તક સહાય યોજનામાં અભ્યાસક્રમ (GSEB/CBSE/ડિપ્લોમા/કોલેજ)મુજબના પુસ્તક પર ૫૦% રાહત આપવામાં આવશે.
૪. ૫૦% રાહત મેળવામાં પુસ્તકનું સ્કૂલ/કોલેજ થી મેળવેલ લિસ્ટ અને પુસ્તક લીધાનું બિલ રજુ કરવાનું રહેશે. અભ્યાસક્રમ પુસ્તકનું બિલ દુકાનદાર પાસે અલગથી લેવું. રાહત ફક્ત અભ્યાસના પુસ્તક માટે છે અન્ય વસ્તુ (સ્ટેશનરી/નોટબુક) માટે મળશે નહિ.
૫. ફૂલ સ્કેપ બુકનું વિતરણ તા. ૦૧-૦૫-૨૦૨૬ થી ચાલુ કરવામાં આવશે. કિંમત રૂા. ૧૦ /- (પ્રતિ બુક) રાખવામાં આવેલ છે.

**કોન્ટેકટ : મેનેજર શ્રી કેતનભાઈ    સમય : સાંજે ૪ થી ૭**

Kiran Desai (Director)
M. : 85111 49788

# SIGMA INSTRUMENTS PVT. LTD.

**FOR ANALYTICAL & SCIENTIFIC INSTRUMENTS**

Works : 78/2/3, GIDC ESTATE, MAKARPURA, B/H. VCCI COMPLEX,
ON VADAR MAIN ROAD, VADODARA - 390 010. GUJARAT (INDIA)

PHONE : 0265-263 4560 / 263 5175, TELEFAX : 2634560
EMAIL : sigmaipl78@gmail.com / info@sigmaipl.com
Website : www.sigmaipl.com

## OUR OWN MANUFACTURED PRODUCTS :

1. Wide Range of Chromatographs.
2. Integrators and Data Stations for GC and HPLC
3. Catalysis Testing Instruments.
4. Split-Open Heaters & Heating Systems.
5. Custom-Built Instruments & Analysers.
6. Online Gas Chromatograph.

**Kiran C. Desai (Partner) M: 85111 49788**

Accuracy + Precession = Quality

bas

# Baroda Analytical Services

78/2/3 GIDC Makarpura, B/h VCCI Complex, Vadsar Main Road, Vadodara-390010.
Ph.:0265-2646622 E-mail : info@barodaanalytical.com Web : barodaanalytical.com

- Analysis of Pharmaceutical API's & formulations, Chemicals, oil, coals & agro products.
- Microbiological environmental monitoring.
- Environmental consultancy.
- Consultancy for analytical lab & establishment & training for W.H.O, GMP-GLP.

ADVT.

# Namah Dental Clinic

Dr. Harshit Naik — MDS (Orthodontics)

Dr. Mishita Naik — BDS (Dental Surgeon)

| Treatment available | ઉપલબ્ધ સારવાર |
| --- | --- |
| • Braces (Metal, clear) | • વાંકાચૂંકા દાંતની સારવાર |
| • Invisalign/ clear aligners | • ઇન્વિસલાઇન/ અલાઇનર્સ |
| • Root canal treatment under magnification | • અત્યાધુનિક પદ્ધતિથી રુટ કેનાલ સારવાર |
| • Dental implants | • ડેન્ટલ ઇમ્પ્લાન્ટ |
| • Denture, Crowns & bridges | • દાંતનું ચોકઠું,દાંતની કેપ અને બ્રિજ |
| • Full mouth rehabilitation | • ફુલ માઉથ રિહેબિલિટેશન |
| • Scaling & teeth whitening | • અલ્ટ્રાસોનિક સ્કેલિંગ/ દાંત પરની છારીની સફાઈ |
| • Esthetic dentistry | • સ્માઈલ ડિઝાઇનિંગ |
| • Wisdom tooth surgery | • ડહાપણની દાઢની સારવાર |
| • Pediatric dentistry | • બાળકોના દાંતની સારવાર |

**Address:** Namah Dental clinic, FF-120, Dwarkesh complex, beside Welcome Hotel, Opp. Jassi de parathe, RC Dutt road, Alkapuri, Vadodara-390007.

**For appointment**-7016304744


ASPIRE
TRAVELWISE
Your Gateway to the World!
FOR BOOKINGS & ENQUIRIES, CONTACT
Sapan Desai
PASSPORT
+91 98253 55505
sapan@aspiretravelwise.com
18, Kamdhenu Society,
Mehesana Nagar Road, Nizampura
Vadodara – 390002, Gujarat (India)
HOTEL
OUR SERVICES
AIR TICKETS
Domestic & international
VISA
A Countries
HOTEL BOOKING
Worldwide
PACKAGES
Customized Holidays
FOREX
Best Rates Guaranteed
TRAVEL INSURANCE
Secure Your Trip
BEST DEALS
HASSLE-FREE SERVICE
24/7 SUPPORT
Plan Your Dream Journey Today!
ASPIRE TRAVELWISE – WE DON'T JUST BOOK TRIPS, WE CREATE EXPERIENCES!
TRUSTED • RELIABLE • PROFESSIONAL





# SAI PREET INVESTMENT

## All types of Insurance

### Life Insurance

- Child Future Planning
- Risk Cover
- Retirement Planning
- TAX Planning

LIC — भारतीय जीवन बीमा निगम — LIFE INSURANCE CORPORATION OF INDIA
NEW INDIA ASSURANCE — न्यू इंडिया एश्योरन्स
HDFC DEPOSITS
care HEALTH INSURANCE — Health ki Guarantee

### General Insurance

**Two Wheeler, Private Car & Commercial vehicle Insurance**

- New India
- HDFC Ergo
- GO Digit
- Bharti Axa
- Reliance
- ICICI lombard etc.

**Health Insurance**

- ICICI lombard
- New India
- Reliance
- HDFC Ergo
- Max Bupa
- Care Health
- Manipal cigna
- Royal Sundram etc.

**Mutual funds ( SIP , lumsum ) • Company Deposits**

Contact on:-

- Jatin Desai

+91 9879560268
jatind67@gmail.com

# શ્રી અનાવિલ પ્રગતિ મંડળ, વડોદરાની વિવિધ કમિટી

### ૧) લિગલ કમિટી

| | |
|---|---|
| **શ્રી પંકજભાઈ દેસાઈ (કન્વીનર)** | ૯૮૨૪૦૯૬૮૬૮ |
| શ્રી હેતલભાઈ નાયક | ૯૩૨૮૧૯૫૨૫૧ |
| શ્રી જ્યોતિન્દ્રભાઈ દેસાઈ | ૯૯૯૮૦૦૯૫૮૪ |

### ૨) આર્થિક સહાય, વિધવા સહાય, વૈદકીય સહાય અને સ્કોલરશીપ કમિટિ.

| | |
|---|---|
| **શ્રી દિપકભાઈ દેસાઈ (કન્વીનર)** | ૯૭૧૨૦૧૦૧૭૦ |
| શ્રી નિરવભાઈ દેસાઈ | ૯૬૮૭૬૬૬૦૩૩ |
| શ્રી ગિરીશભાઈ દેસાઈ | ૯૯૭૮૯૧૦૮૪૨ |
| શ્રીમતિ ગીરાબેન દેસાઈ | ૭૯૯૦૧૯૨૩૧૨ |

### ૩) યુવા પાંખ કમિટિ

| | |
|---|---|
| **શ્રી હેતલભાઈ નાયક (કન્વીનર)** | ૯૩૨૮૧૯૫૨૫૧ |
| શ્રીમતિ કૃતિબેન દેસાઈ | ૯૮૯૮૪૬૨૮૮૮ |

**સબ કમિટી**

| | |
|---|---|
| **શ્રી ક્ષમિક દેસાઈ** | ૯૯૯૮૧૦૭૪૩૭ |
| શ્રી દિવ્યેશ નાયક | ૯૯૦૪૬૪૫૯૧૦ |

**સ્પોર્ટ્સ કમિટી**

| | |
|---|---|
| **શ્રી આશિષ દેસાઈ કો. ઓડિનેટર** | ૯૩૭૬૯૮૪૦૩૮ |
| શ્રીમતિ કૃતિબેન દેસાઈ | ૯૮૯૮૪૬૨૮૮૮ |
| શ્રી ગિરીશભાઈ દેસાઈ | ૯૯૭૮૯૧૦૮૪૨ |

**અન્ય સભ્યો**

| | |
|---|---|
| **શ્રી અંકુર દેસાઈ (વાઘોડિયા)** | ૯૮૯૮૪૨૨૨૭૦ |
| શ્રી અંકુર બી. દેસાઈ | ૯૧૦૬૮૩૬૧૬૯ |
| શ્રી અભિજિત દેસાઈ | ૯૯૦૯૦૨૮૨૮૫ |
| શ્રી કરણ નાયક | ૯૫૫૮૭૨૦૫૩૭ |
| શ્રી અનિશ દેસાઈ | ૯૯૯૮૦૦૯૫૮૭ |
| શ્રી કૃણાલ દેસાઈ | ૯૮૨૫૫૦૯૪૨૯ |
| શ્રી ધવલ દેસાઈ | ૯૮૨૪૨૫૫૫૮૩ |

### ૪) અનાવિલ જ્યોત કમિટિ

| | |
|---|---|
| **શ્રી દિપકભાઈ દેસાઈ (ONGC) સંપાદક** | ૯૪૨૮૫૧૯૦૬૬ |
| શ્રીમતિ સીમાબેન દેસાઈ **સહ સંપાદક** | ૯૯૨૫૦૩૯૯૭૪ |
| શ્રીમતિ ગીરાબેન દેસાઈ **સહ સંપાદક** | ૭૯૯૦૧૯૨૩૧૨ |

### ૫) આજીવન સભ્યો કમિટી

| | |
|---|---|
| શ્રી ગિરીશભાઈ દેસાઈ | ૯૯૭૮૯૧૦૮૪૨ |
| શ્રી દિપક એમ. દેસાઈ | ૯૭૧૨૦૧૦૧૭૦ |

### ૬) ફરાસખાના કમિટી

| | |
|---|---|
| **શ્રી નિરવભાઈ દેસાઈ (કન્વીનર)** | ૯૬૮૭૬૬૬૦૩૩ |
| શ્રી અમૃતભાઈ દેસાઈ | ૯૮૯૮૪૭૯૭૮૭ |
| શ્રી પંકજભાઈ દેસાઈ | ૯૮૨૪૦૯૬૮૬૮ |
| શ્રી જ્યોતિન્દ્રભાઈ દેસાઈ | ૯૯૯૮૦૦૯૫૮૪ |
| શ્રીમતિ નિવેદિતાબેન વશી | ૯૫૫૮૭૩૨૭૨૩ |

### ૭) લાયબ્રેરી કમિટિ

| | |
|---|---|
| **શ્રી દિપકભાઈ દેસાઈ (ONGC) કન્વીનર** | ૯૪૨૮૫૧૯૦૬૬ |
| શ્રીમતિ સીમાબેન દેસાઈ | ૯૯૨૫૦૩૯૯૭૪ |
| શ્રીમતિ નિવેદિતાબેન વશી | ૯૫૫૮૭૩૨૭૨૩ |

### ૮) મહિલા પાંખ

| | |
|---|---|
| શ્રીમતિ નિવેદિતાબેન વશી **કો. ઓડિનેટર** | ૯૫૫૮૭૩૨૭૨૩ |
| શ્રીમતિ ગીરાબેન દેસાઈ **સહ કો. ઓડિનેટર** | ૭૯૯૦૧૯૨૩૧૨ |
| શ્રીમતિ લતિકાબેન જે. દેસાઈ **કન્વીનર** | ૯૭૧૨૨૫૩૯૩૧ |
| શ્રીમતિ ભક્તિબેન દેસાઈ **સહ કન્વીનર** | ૯૯૯૮૩૨૧૧૬૮ |
| શ્રીમતિ હેતલ દેસાઈ | ૯૭૨૪૩૨૬૯૯૧ |
| શ્રીમતિ જીગીષા દેસાઈ | ૭૬૦૦૦૧૩૫૫૯ |
| શ્રીમતિ કીર્તિ વશી | ૬૩૫૨૬૦૦૮૭૮ |
| શ્રીમતિ બીનીતા વશી | ૮૮૪૯૪૧૨૧૭૪ |
| શ્રીમતિ ચષ્મિતા નાયક | ૯૬૦૧૨૭૨૯૫૩ |
| શ્રીમતિ મોનીકા દેસાઈ | ૯૦૧૬૪૦૦૪૧૯ |
| શ્રીમતિ તેજલ દેસાઈ | ૯૮૨૪૪૯૫૩૭૩ |
| શ્રીમતિ મિત્તલ દેસાઈ | ૯૦૯૯૯૧૦૪૩૮ |

### ૯) કલ્ચરલ કમિટિ

| | |
|---|---|
| **શ્રીમતિ નિવેદિતાબેન વશી કન્વીનર** | ૯૫૫૮૭૩૨૭૨૩ |
| શ્રીમતિ કૃતિબેન દેસાઈ | ૯૮૯૮૪૬૨૮૮૮ |
| શ્રીમતિ સીમાબેન દેસાઈ | ૯૯૨૫૦૩૯૯૭૪ |
| શ્રી નિરવભાઈ દેસાઈ | ૯૬૮૭૬૬૬૦૩૩ |
| શ્રી હેતલભાઈ નાયક | ૯૩૨૮૧૯૫૨૫૧ |

**સબ કમિટી**

| | |
|---|---|
| **શ્રી જતિનભાઈ દેસાઈ** | ૭૯૯૦૦૨૮૧૭૭ |
| શ્રી ક્ષમિક દેસાઈ | ૯૯૯૮૧૦૭૪૩૭ |
| શ્રી ઉજ્જવલ દેસાઈ | ૯૦૩૩૯૦૧૬૭૩ |
| કુમારી ધ્વનિ આશિષ દેસાઈ | ૯૩૭૬૯૮૪૦૩૮ |

### ૧૦) ઓફિસ વહીવટ તેમજ મેઈનટેનન્સ કમિટિ

| | |
|---|---|
| **શ્રી અમૃતભાઈ દેસાઈ કન્વીનર** | ૯૮૯૮૪૭૯૭૮૭ |
| શ્રી દિપકભાઈ દેસાઈ | ૯૭૧૨૦૧૦૧૭૦ |
| શ્રી પંકજભાઈ દેસાઈ | ૯૮૨૪૦૯૬૮૬૮ |
| શ્રી જ્યોતિન્દ્રભાઈ દેસાઈ | ૯૯૯૮૦૦૯૫૮૪ |
| શ્રી કેતન ઝવેરી (મેનેજર) | ૯૮૨૫૨૨૨૮૯૩ |

**નોંધ : હોદ્દાની રુએ પ્રમુખ અને મંત્રી તમામ કમિટિ માં સભ્યો રહેશે.**

Royal caterers & Royal event management

SINCE 1987

**Royal Caterers Now in its 40th Year**

**Established by Late Shri Maheshbhai Dolatrai Desai**

**Legacy Continued by Parin Maheshbhai Desai.**



**1, Nageshwar Society,Nr.Nageshwar Temple, Opp. Vrundavan Township, Harni Road, Vadodra.**



**Newly Renovated Prestigious venue comprising a/c banquet hall with capacity if 300 and Lawn with capacity of 500 people**

Our New Exclusive venue :
ARUNODAYA HALL
18, Arunodaya Society ,
Nr. Crossword Circle,
Alkapuri , Vadodara.

GRAND ROYAL LAWNS
- Lawn area 30000 Sq ft
- Beautiful Landscaping
- 2 Rooms
- Banquet Facility for 100 People

Pramukh Darshan Society,
Wuda Char Rasta,
Gotri Road , Vadodara.

CONTACT :- PARIN MAHESHBHAI DESAI (M) 9824251697 , 9824013286
Email : - Parkin 2009 sai @ yahoo.com

પ્રતિશ્રી,

**PUBLISHES BY** Deepakbhai Desai (ONGC) (Editor) (M) 9428519066 , On Behalf of Shree Anavil Pragati Mandal, Shree Mahadev Desai Anavil Bhavan, Atmaram Road, Karelibaug, Vadodara-390018. **Graphic & Design by Aksha Desai, Printed by Pankaj Rathod, at :** Shree Siddhi Printers & Stationers , 42-B, Satkar Society, Near Jyoti Park, Karelibaug, Vadodara-390018. (M) 9825024280 .